વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

મેટ્રોરેલ પાછળ અત્યાર સુધી ૩૦૫૮ કરોડનો ખર્ચ : વર્ષના અંતમાં પ્રથમ તબક્કાનુ કામ પુર્ણ થશે

અમદાવાદ ગાંધીનગર મેટ્રોરેલની કામગીરી વર્ષ ૨૦૧૭ના અંતે કયા તબક્કે છે ઠાસરાના ધારાસભ્ય કાંતિભાઈ પરમારના પ્રશ્ન અંગે શહેરી વિકાસ મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવાયા મુજબ વસ્ત્રાલથી થલતેજ સુધીના ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક વચ્ચેના પ્રાયોરિટી રીચની સિવિલ કામગીરી પુર્ણ થવાના આરે છે. જયારે ૬ સ્ટેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે. ટ્રેક, સિગ્નલીંગનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. મોટેરાથી એ પી એમ સી સુધીના નોર્થ સાઉથ કોરિડોરમાં પણ બધાજ સ્થાનો પર સિવિલ કામગીરી પ્રગતિમાં છે. ઈસ્ટ વેસ્ટ કોરિડોરના ભાગરૂપે ૬ કી મી લંબાઈના અંડર ગ્રાઉન્ડ સેકશનમાં ટનલ બોરિંગ મશીનની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. પેટા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યુ હતુ કે મેટ્રો રેલ પ્રોજેકટ તબક્કાવાર કાર્યાન્વિત થશે. જેમાં પ્રથમ તબક્કામાં વસ્ત્રાલથી એપરલ પાર્ક વચ્ચે આશરે ૬.૫ કી મી લંબાઈ ધરાવતા પ્રયારિટી રીચને વર્ષ ૨૦૧૮ સુધીમાં કાર્યાન્વિત કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે મેટ્રોરેલ પ્રોજેકટ પાછળ વર્ષ ૨૦૧૭ અંતની સ્થિતિએ રૂ ૩૦૫૮.૩૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષમાં પ્રોજેકટ અન્વયે ગેરરીતી અંગેની કોઈ ફરિયાદ મળી નથી.

- **ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં મહીલાઓ ગુમ થયા અંગે ૬૩૦ ફરિયાદ**

ગાંધીનગર જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં કેટલી મહીલાઓ ગુમ થયા અંગેની ફરિયાદો મળી છે ? ધંધુકાના ધારાસભ્ય રાજેશ ગોહીલના પ્રશ્ન અંગે મુખ્યમંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાવાયા મુજબ વર્ષ ૨૦૧૬ દરમિયાન જિલ્લામાંથી મહીલાઓ ગુમ થયા અંગેની ૩૧૨ ફરિયાદો મળી છે. જયારે વર્ષ ૨૦૧૭ માં ૩૧૮ ફરિયાદો મળી છે. છેલ્લા બે વર્ષમાં ૬૩૦ ફરિયાદો ઉઠવા પામી છે. જયારે ગુમ થયેલ મહીલાઓને શોધવા માટે ફોટા સહીત વિગતો દુરદર્શન ટી વી ચેનલમાં પ્રસિધ્ધ કરવામાં આવી છે.આ ઉપરાંત ઈ ગુજકોપ પ્રોજેકટ અંતર્ગત ફોટા સાથેની માહીતી અપલોડ કરવામાં આવે છે. જયારે નારી સંરક્ષણ, પોલીસ સ્ટેશન અને અનાથ આશ્રમ સહીત જાહેર સ્થળોએ પાસ્ટરો લગાડી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

- **એફ એસ એલમાં નાર્કો એનાલિસીસ પધ્ધતિથી ૮૪ કેસોનુ પૃથ્થકરણ**

રાજયની એફ એસ એલમાં નાર્કો એનાલિસીસ પધ્ધતિથી કેસોનુ પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ અને હા તો છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનુ પૃથ્થકરણ કરવામાં આવ્યુ તે અંગે નરોડાના ધારાસભ્ય બલરામ થાવાણીએ પુછેલા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીએ આપેલા લેખિત જવાબ મુજબ બે વર્ષમાં એફ એસ એલમાં નાર્કો એનાલિસીસ પધ્ધતિથી કુલ ૮૪ કેસોનુ પૃથ્થકરણ કરવામાં આવ્યુ છે.

- **૧.૧૨ લાખ વપરાશકારોને પી એન જી ગેસ**

ગાંધીગર જિલ્લામાં પાઈપલાઈનથી રાંધણગેસ પહોંચાડવાની કામગીરી કયા તબક્કે છે દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના પ્રશ્ન સંદર્ભે જવાબમાં જણાંવ્યા મુજબ તા ૩૧ ડિસેમ્બર વર્ષ ૨૦૧૭ ની સ્થિતિએ ૧,૧૨,૫૦૩ ઘરેલુ વપરાશકારોને પાઈપલાઈન દ્વારા ગેસ પુરો પાડવામાં આવી રહયો છે.

ભાજપમાંથી રાજ્યસભામાં રૂપાલા, માંડવિયા જશે

નાણાંમંત્રી અરૂણ જેટલીને ઉત્તરપ્રદેશ ખસેડવામાં આવ્યા : શુક્રવારે અથવા સોમવારે ઉમેદવારી નોંધાવે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૭

ગુજરાતમાં રાજયસભાની

ખાલી પડતી ૪ બેઠકો માટે ભાજપે આજે તેના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં નાણાંમંત્રી અરૂણ જેટલીને ઉત્તરપ્રદેશ ખસેડવામાં આવ્યા છે જયારે બે રાજયમંત્રીઓ પુરૂષોત્તમભાઈ રૂપાલા તેમજ મનસુખ માંડવિયાની પુનઃ પસંદગી કરી છે.

રૂપાલા રાજયસભામાં ત્રીજીવાર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે જયારે રાજયમંત્રી માંડવિયા બીજીવાર રાજયસભામાં રાજયનું પ્રતિનિધિત્વ કરશે.

ભારતીય જનતા પક્ષે બન્ને પાટીદાર સમાજના ઉમેદવારોની પસંદગી કરી પાટીદારોને રિઝવવાનો

વધુ એક પ્રયાસ કર્યો છે.

રાજયસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા નાણાંમંત્રી અરૂણ જેટલીને મોવડીમંડળે ઉત્તરપ્રદેશ ખસેડવાનો નિર્ણય કર્યો છે. અરૂણ જેટલી પણ રાજયસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ બે ટર્મ કરી ચુક્યા છે જે નોંધનીય છે.

ગુજરાત ભાજપમાં છેલ્લા ઘણા સમયથી અરૂણ જેટલીને ઉત્તરપ્રદેશ ખસેડવામાં આવશે તેવી

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસ પણ સ્થાનિક નેતાઓને જ ઉતારશે

બાબરિયા અને સિદ્ધાર્થ પટેલની શક્યતાઓ

ગુજરાતમાં રાજયસભાની ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા પણ ગુરૂવારે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. કોંગ્રેસ પક્ષ દ્વારા પણ આ ચૂંટણીમાં સ્થાનિક નેતાઓને તક આપશે તેમ મનાઈ રહ્યુ છે.

કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ દિપકભાઈ બાબરિયા તથા પૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થ પટેલની પસંદગી આમ તો નિશ્ચિત મનાઈ રહી છે. જો કે કેન્દ્રીય મોવડીમંડળ દ્વારા ગુરૂવારે ઉમેદવારોના નામ જાહેર કરાયા પછી ગુરૂવારે ઉમેદવારી પત્રો ભરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. આ મુદ્દે વિપક્ષના નેતા પરેશ ધાનાણી અને પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સાથે મોવડીમંડળ દ્વારા ચર્ચા વિચારણા કરી લેવામાં આવી છે.

તાલુકા પંચાયતમાં કોંગ્રેસ માટે વધુ એક અપક્ષે સમર્થન જાહેર કર્યુ

તાલુકા પંચાયતના નવનિર્વાચીત સભ્યો ધાર્મિક પ્રવાસે જવા સવારે રવાના થયા

ગાંધીનગર, તા. ૭

આગામી ૨૦મીએ યોજાનાર તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણીમાં વાવોલ-૨ની બેઠક પરથી અપક્ષ ઉમેદવાર જે વિજયી થયેલ છે તેમણે પણ કોંગ્રેસના ઉમેદવારનું સમર્થન કરવાની જાહેરાત કરતાં કોંગ્રેસમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

૧૮ બેઠકો પર વિજયી થનાર કોંગ્રેસને બે અપક્ષોએ ટેકો જાહેર કરતાં તેની સભ્ય સંખ્યા ૨૦ પર પહોંચી છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકા પંચાયત માટે કોંગ્રેસનો સત્તા મેળવવાનો માર્ગ હવે મોકળો બન્યો છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસના નવનિર્વાચીત સભ્યો આજે વહેલી સવારે ધાર્મિક પ્રવાસે જવા રવાના થયા છે અને તેઓ ૧૯મીએ ગાંધીનગર પરત ફરશે. આ સભ્યો ખાસ લકઝરી બસ દ્વારા રવાના થયા હોવાનું જાણવા મળેલ છે.

ત્રણ થી ચાર સભ્યો સામાજિક કારણોસર આ પ્રવાસમાં સામેલ થઈ શક્યા નથી પરંતુ તેઓ એક-બે દિવસમાં જ આ પ્રવાસમાં

● અનુસંધાન પાન-૭ પર

આજે 'વિશ્વ મહિલા દિવસ'ની ઠેર-ઠેર ઉજવણી પણ...

ગાંધીનગરમાં જ ૧૭૩ મહિલાઓ 'ઓન રેકર્ડ' લીસ્ટેડ બુટલેગર..!

પરિવારના ભરણપોષણની જવાબદારી જેના શિરે આવી ગઈ છે તેવી સંખ્યાબંધ અંગુઠા છાપ બેરોજગાર મહિલાઓ દેશી દારૂની બનાવટ અને લે-વેચના વ્યવસાયમાં ખુંપી ગઈ છે : આર્થિક સહાય કરી આમને કોઈ લઘુ ઉદ્યોગ તરફ વાળવા પ્રયત્ન થાય તો કદાચ 'વિશ્વ મહિલા દિવસ'ની ઉજવણી સાર્થક થાય ને તેમના નામ આગળથી બુટલેગરનું 'લેબલ' હટે..!

(વિપુલ ચૌહાણ દ્વારા) ગાંધીનગર, તા. ૭

૮મી માર્ચ-વિશ્વ મહિલા દિવસની ઉજવણી ઠેર-ઠેર દબદબાભેર થશે. મહિલાઓએ વિવિધ ક્ષેત્રોમાં મેળવેલી વિશિષ્ટ સિદ્ધિઓની યાદી બનાવી તેમને મંચ પર બોલાવી સન્માનિત કરવામાં આવશે. મહિલાઓને પ્રોત્સાહિત કરવા માટે આ કાર્યક્રમો જરૂરી છે તેમાં કોઈ બે મત નથી. પરંતુ જે મહિલાઓ બેરોજગાર છે અને પરિવારના ભરણપોષણની સંપુર્ણ જવાબદારી તેમની ઉપર છે તેવી મહિલાઓ પૈકી અત્યારે સંખ્યાબંધ મહિલાઓ દેશી-વિદેશી દારૂના વેચાણ અને બનાવટના વ્યવસાયમાં ગરકાવ થઈ ગઈ છે. આવી મહિલાઓને 'બુટલેગર'ના લેબલમાંથી મુક્તી અપાવવા કોઈ કાર્યક્રમ રાખી તેમને યોગ્ય વ્યવસાય તરફ વાળવાનો પ્રયત્ન થાય તો 'વિશ્વ મહિલા દિવસ'ની ઉજવણી સાચા અર્થમાં સાર્થક થાય તેમ છે.

રાજયભરમાં બુટલેગરો તો હજારોની સંખ્યામાં છે પરંતુ માત્ર ગાંધીનગર જિલ્લાની વાત કરીએ તો જિલ્લામાં ૬૪૯ તો લીસ્ટેડ બુટલેગરો છે, જે દારૂની બનાવટ અને લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમાં પણ મહિલા બુટલેગરોની વાત કરીએ તો ૧૭૩ મહિલાઓ જિલ્લામાં લીસ્ટેડ બુટલેગરો છે જે આજે પણ ગાંધીનગર જિલ્લામાં મોટા ભાગે દેશી દારૂની બનાવટ અને લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલી છે. જેમના વ્યવસાયને બદલવા માટે સરકાર કે એનજીઓ દ્વારા રસ લઈને પ્રયત્ન કરવામાં આવે તો કદાચ 'વિશ્વ મહિલા દિન'ની ઉજવણી સાર્થક કહેવાશે. રાજયના ગાંધીનગર જિલ્લામાં ૧૭૩ મહિલાઓ લીસ્ટેડ બુટલેગર છે. જેમાં ગાંધીનગર શહેરમાં એટલે કે રાજયના પાટનગરમાં સૌથી વધુ લીસ્ટેડ મહિલા બુટલેગરો હોવાનું પોલીસ રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે. સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનની હદમાં સમાવિષ્ટ આદિવાડા, બોરીજ સહિતના ગામોમાં ૩૪ મહિલાઓ લીસ્ટેડ બુટલેગર છે, જયારે સેક્ટર-૭ પોલીસસ્ટેશનની હદમાં સમાવિષ્ટ સે. ૧૫ ફતેપુરા, વાવોલ સહિતના ગામોમાં ૨૯ મહિલાઓ લીસ્ટેડ બુટલેગર છે. તે ઉપરાંત ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ધોળાકુવા, ઈન્દ્રોડા સહિતના ગામોમાં ૧૭ મહિલાઓ લીસ્ટેડ બુટલેગર હોવાનું પોલીસ ચોપડે 'ઓન રેકર્ડ' નોંધાયેલુ છે. એટલે કે પાટનગરમાં જ ૬૩ મહિલા બુટલેગરો લીસ્ટેડ છે. રાજયભરની આ મહિલાઓના ઉત્થાન માટે કાર્યક્રમ રાખીને તેમને અન્ય વ્યવસાય તરફ વાળતા આર્થિક સહાય પુરી પાડી તેમનું સમયસર ફોલોઅપ લેવાય તો કદાચ આવતા વર્ષના 'મહિલા દિને' અડધી મહિલાઓના નામ આગળથી 'બુટલેગર'નું લેબલ હટી જાય..!

ઉનાળાના એંધાણ - ઉનાળાનું ધીમે પગલે આગમન થઈ ગયું છે... શહેરીજનો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે ત્યારે કુદરતી ફ્રીજ એટલે 'માટલા'નું ઉત્પાદન પણ તેજ ગતિએ થઈ રહ્યું છે...

ગાંધીનગરને વિશ્વ મહિલા દિનની અનોખી ભેટ

ગૌરવ ગાંધીનગરનું - રાજકોટ ખાતે યોજાયેલ લિમ્બાબુક ઓફ રેકોર્ડ માટે પેઈન્ટીંગ મુકાયા હતા... જેમાં રાજયભરના ૨૨૨ મહિલાઓની એક એકથી ચડિયાતી કલાકૃતિઓ રજૂ થઈ હતી. જેમાં ગાંધીનગરના અમી ભટ્ટનું એકમાત્ર પેઈન્ટીંગ પસંદગી પામ્યું હતું... ગાંધીનગરની ગૌરવગાથા વધુ ગૌરવશાળી બની હતી.

સે-૨૯ માં બી કક્ષાના ૨૮૦ મકાનોના લોકાર્પણ માટે ચોઘડીયુ નથી મળતુ

ગાંધીનગર તા ૭

શેહરમાં દાયકાઓ જુના આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી બન્યા છે. જયારે નવા આવાસો બનાવાનુ કામ હાથ ધરાયુ છે. પરંતુ સે-૨૯ માં બી કક્ષાના નવા આવાસો તૈયાર કરી દેવાયા બાદ છેલ્લા ત્રણ મહીનાના અંતે પણ સરકારને લોકાર્પણ માટે યોગ્ય ચોઘડીયુ મળ્યુ નથી. રૂ ૭૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા બી કક્ષાના ૨૮૦ મકાનો છેલ્લા ત્રણ મહીનાથી ધુળ ખાય છે.બીજીતરફ તંત્રના ચોપડે મકાનો માટે અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. નવા મકાનો હોવાછતા આમ નાગરિકોએ જોખમી છત નીચે આશરો લેવાની ફરજ પડી છે.

સરકારી આવાસ માટે અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી પરંતુ ૭૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલી યોજના ત્રણ મહીનાના અંતે પણ લોકઉપયોગી બની નથી : જોખમી છત નીચે રહેતા રહીશો પર મોતનો ખતરો

ગાંધીનગરમાં સરકારી આવાસો તોડવાનુ કામ તબક્કવાર હાથ ધરવામાં આવી રહયુ છે. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ સેકટરોમાં નવી ટાવર કોલોની બાંધવામાં આવી રહી છે. સે-૭ માં નવા આવાસો તૈયાર કરી દેવાયા બાદ રહીશોનો વસવાટ પણ શરૂ કરી દેવાયો છે. જયારે હજુ પણ સેકટરોમાં નવા આવાસો બનાવાની કામગીરી ચાલુ છે. સે-૩૦ માં નવા મકાનો બની રહયા છે કોર્પોરેટ લુક ધરાવતા આવાસોને અનુલક્ષી તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી પણ મોટી બનતી જાય છે. એકબાજુ સેકટરોમાં દાયકાઓ જુના આવાસો રહેણાંકને લાયક રહયા નથી. જેના લીધે રહીશો જોખમી મકાનોમાં વસવાટ કરતા હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો વર્ષોના અંતે ભયજનક બન્યા હોવાથી મોટાભાગના મકાનોનો નિકાલ કરવામાં આવી રહયો છે. જયારે કેટલાક બ્લોક મજબુતીકરણ હેઠળ પણ આવરી લેવામાં આવ્યા છે. પરંતુ હજુ પણ મકાનો ખંડેર હાલતમાં હોવાથી રહીશો નવા સુવિધાયુક્ત આવાસ માટે ઉત્સુક બન્યા છે. માર્ગ મકાન વિભાગ પાસે મકાન ફાળવવાની કામગીરી પણ મુશ્કેલ બની છે. નવા આવાસો હજુ તૈયાર થઈ રહયા હોવાથી અરજદારોની યાદી મોટી થઈ છે. જયારે સે-૨૯ માં નવી આવાસ યોજના છેલ્લા ત્રણ મહીનાથી તૈયાર થઈ ગઈ હોવાછતા લોકાર્પણના અભાવે અરજદારોને મકાન ફાળવી શકાયા નથી. છેલ્લા ત્રણ મહીનાથી સે-૨૯ માં બી કક્ષાના ૨૮૦ મકાનો તૈયાર કરી દેવાયા છે. જયારે ૭૦ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ યોજના હજુ પણ લોકઉપયોગી બની નથી. આ નવા આવાસોના

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરમાં વિશ્વ મહિલા દિને નિમિત્તે મહારેલી યોજાશે

મહારેલીમાં પાંચ હજારથી વધુ મહિલાઓ જોડાશે : મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલ વિશિષ્ટ મહિલા મહારેલીનું પ્રસ્થાન કરાવશે

ગાંધીનગર, તા. ૭

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે ' બેટી બચાવો.. બેટી પઢાવો.' સંદેશ સમગ્ર ગુજરાતમાં પહોંચાડવા વિશિષ્ટ મહારેલીનું પ્રસ્થાન મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલ તા. ૦૮ માર્ચ , ૨૦૧૮ના રોજ સવારે ૮.૦૦ કલાકે સિવીલ હોસ્પિટલ, ગાંધીનગર કંપાઉન્ડ ખાતેથી કરાવશે.

જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર દ્વારા આયોજીત આ મહિલા મહારેલીમાં પાંચ હજારથી વધુ મહિલાઓ જોડાશે. જેમાં ડાકટર, વકીલ, મહિલા પોલીસ, સ્કાઉડ ગાઇડ, નસલ્લગ વિધાર્થીનીઓ અને એન.સી.સી. ની વિધાર્થીનીઓ જોડાશે. આ રેલીની શરૂઆતમાં મહિલા પોલીસ બેન્ડ, એક હજાર જેટલા ટુ-વ્હીલર, ઘોડે સવાર મહિલા પોલીસ, કેમ્લ કાર્ટ, ૬૦ જેટલા ટ્રેકટર અને ઉંટ લારીઓમાં બેટી બચાવો બેટી પઢાવો થીમ પર વિવિધ સૂત્રો સાથે અનેરું આકર્ષણ જમાવશે. આ રેલી સીવીલ ખાતેથી ધ-૩, સેકટર- ૭, સેકટર-૨-૩માં થઇને સેકટર – ૬, ગ- ૩, સેકટર-૨૪, આઇ.ટી.આઇ. થી ધ- ૬, માઉન્ટ કાર્મેલ, નવા સચિવાલય, ચ-૩, ધ- ૩ થઇને સિવીલ હોસ્પિટલ ખાતે પરત ફરશે. આ ઉપરાંત ચ-૦ સર્કલ, ધ-૩ સર્કલ, સેકટર- ૬/સી કોર્નર, ધ-૬ સર્કલ અને નવા સચિવાલય એસ.બી.બાઇ. સર્કલ પાસે સ્ટેજ ઉપર ગરબા, દેશ ભક્તિના ગીતો અને વિવિધ નૃત્યોના અનેરો કાર્યક્રમ પણ યોજાશે.

ગાંધીનગર સીવીલ કેમ્પસ ખાતે વિશિષ્ટ પાંચ દંપતીઓનું સન્માન કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના ગાયનેક ડાકરટશ્રીઓને નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલ શપથ લેવડાવશે.

આજ દિવસે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સવારના ૮.૦૦ કલાકે સીવીલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે નન્હી પરી અવતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નવજાત દીકરીઓનું સન્માન કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઇ, એન.એચ.એમ, ગાંધીનગરના મિશન ડાયરેકટર શ્રી ડાં. ગૌરવ દહિયા, અને મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડી.એન.મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ ગુજરાતની ગુણીયલ અને ખમીરવંતી નારી શક્તિએ સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસ યાત્રામાં આપેલ અમૂલ્ય યોગદાન ઉજાગર કરવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહારેલી કાર્યક્રમમાં મંત્રીશ્રીઓ સર્વશ્રી આર.સી. ફળદુ, ગણપતસિંહ વસાવા, પરબતભાઇ પટેલ, બચુભાઇ ખાબડ, શ્રીમતી વિભાવરીબેન દવે, કિશોરભાઇ કાનાણી ઉપસ્થિત રહેશે.

બેસણું

અમારા પિતાશ્રી **હેમતુજી ચેનાજી ગોહિલ** તા. ૨૮/૨/૨૦૧૮ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા. ૯/૩/૨૦૧૮ને શુક્રવારના રોજ ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ગામ - ઈન્દ્રોડા, દરબારવાસ, તા.જી. ગાંધીનગર

લી.

ગોહિલ ગણપતસિંહ છત્રસિંહ ગોહિલ છત્રસિંહ હેમતુજી
ગોહિલ પ્રકાશસિંહ છત્રસિંહ તથા ગોહિલ પરિવાર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com